# એકમ કસોટી

**વિષય: સામાજિક વિજ્ઞાન** **પ્રથમ સત્ર** **ધોરણ: ૬**
**પ્રકરણ: ૧. ઈતિહાસ જાણવાના સ્ત્રોત** **ગુણ: ૧૦**

---

**પ્રશ્ન: ૧ નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી સાચા વિકલ્પ સામે ખરાની નિશાની કરો.** **ગુણ:(૧૦)**

(૧) ચિત્રો, વસ્તુઓ કે સિક્કા જેવા સ્ત્રોતોના આધારે કોના વિશે જાણી શકાય છે?

( ) સમય ( ) દેશવિદેશ ( ) ઈતિહાસ ( ) ફિલ્મો

(૨) તાડપત્રો અને ભોજપત્રો પર મુખ્યત્વે કઈ લિપિ જોવા મળે છે?

( ) સધુક્કડી ( ) ભોજપુરી ( ) અવધિ ( ) પાંડુ

(૩) ધાતુ કે પથ્થર પર કોતરેલા લેખો કયા નામે ઓળખાય છે?

( ) અભિલેખો ( ) ધાતુલેખો ( ) પાષાણલેખો ( ) ભોજલેખો

(૪) તાંબાના પતરા ઉપર કોતરીને લખવામાં આવતા લખાણને શું કહેવામાં આવે છે?

( ) તામ્રપત્ર ( ) લોહપત્ર ( ) ભોજપત્ર ( ) અભિલેખો

(૫) શ્રી હેમચંદ્રાચાર્ય લાઈબ્રેરી કયા શહેરમાં આવેલી છે?

( ) અમદાવાદમાં ( ) રાજકોટમાં ( ) વડોદરામાં ( ) પાટણમાં

(૬) પ્રાચીન સમયનો ઈતિહાસ જાણવાવાળી વ્યકિતને કયા નામે ઓળખશો?

( ) ભાષાવિદ ( ) સમાજવિદ ( ) પુરાતત્વવિદ ( ) ઈતિહાસવિદ

(૭) તમારા ગામમાંથી ખોદકામ દરમ્યાન પ્રાચીન મૂર્તિ મળી આવી છે તો તમે શું કરશો?

( ) મૂર્તિનું જતન કરશો ( ) મૂર્તિને નદીમાં પધરાવશો
( ) મૂર્તિને તોડી નાખશો ( ) મૂર્તિને દાટી નાખશો

(૮) ભૂર્જ નામના વિશિષ્ટ વૃક્ષો કયા પર્વત પર થાય છે?

( ) હિમાલય ( ) પાવાગઢ ( ) ગબ્બર ( ) ગિરનાર

(૯) જયાં અભિલેખો રાખવામાં આવે છે તેને શું કહે છે?

( ) સંગ્રહાલય ( ) અભિલેખાગાર ( ) શિલાલેખાગાર ( ) ધાતુલેખાગાર

(૧૦) તમારે તમારા ગામનો ઈતિહાસ જાણવો છે તો તમે નીચેનામાંથી કોણી પાસે જશો?

( ) ગામના વયોવૃધ્ધ વ્યકિત પાસે ( ) શાળાના આચાર્ય પાસે
( ) ગામના સરપંચ પાસે ( ) ગામના ડોકટર પાસે